# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૯/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# કોરોનાના દર્દીઓને બચાવવા મુખ્યમંત્રીની અપીલ, રાજ્યની દરેક ચેમ્બર ઓફ કોમર્સ ઓકિસજન બેંક બનાવે

## ઔદ્યોગિક સંગઠનો તેમના શહેરોમાં સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરી શકે છે : મુખ્યમંત્રી

**સુરત.** ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે સાંજે રાજ્યની બધી જ ચેમ્બર ઓફ કોમર્સ સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મિટિંગ કરી હતી. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડિયા, પ્રમુખ ઇલેકટ આશિષ ગુજરાતી, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને માનદ્ ખજાનચી મનિષ કાપડીયા તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તેમજ રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સૌરાષ્ટ્ર, ગાંધીનગર, જૂનાગઢ, વિસનગર અને પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો અને પ્રતિનિધીઓ જોડાયા હતા.

મુખ્યમંત્રી સાથેની મિટીંગમાં અન્ય ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તેમજ પ્રતિનિધીઓએ તેમના વિસ્તારમાં કરવામાં આવેલી વિવિધ વ્યવસ્થા વિશે ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ ચેમ્બરો દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન વિશે પૂછવામાં આવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક સંગઠનો તેમના શહેરોમાં પોતાની રીતે સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરી શકે છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોનાને કારણે રાજ્યમાં હાલત ગંભીર છે. કારણ કે કોરોનાના રોજ કેસ વધી રહયા છે અને દર્દીઓને બચાવવા માટે ઓકસીજનની જરૂરિયાત વધી છે. આથી તેમણે રાજ્યની તમામ ચેમ્બર ઓફ કોમર્સને ઓકિસજનના બાટલાની વ્યવસ્થા કરવા માટે અપીલ કરી હતી. તેમણે કહયું હતું કે, ચેમ્બર દ્વારા સ્થાનિક પ્રશાસનનો સંપર્ક સાધીને વોક થ્રુ આરટીપીસીઆર અને રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે તો સરકાર ત્યાં મેડીકલ સ્ટાફની મદદથી લોકોનું ટેસ્ટીગ વધારી શકશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યની બધી ચેમ્બર ઓફ કોમર્સ ઓકિસજન બેંક બનાવે અને દર્દીઓની જરૂરિયાત મુજબ દરેકના ઘરે ઓકિસજનના નાના અથવા મોટા સિલિન્ડર પહોંચાડવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવે. ઓકિસજન સિલિન્ડર માટે ખાલી બાટલા, એના માટેના સ્પેરપાર્ટ્સ, રિફીલીંગ તથા લોજીસ્ટીક માટે બધી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એકબીજાની સાથે કો–ઓર્ડીનેશન કરવામાં આવે. વયસ્ક તબીબોની મદદથી ટેલી મેડીસિન સર્વિસ ઉભી કરીને મેડીકલ સવિર્સિસ અને કાઉન્સેલીગની વ્યવસ્થા ઉભી કરી શકાય છે. ચેમ્બરો દ્વારા કોરોનાના દર્દીઓના સગાઓને માહિતી મળી રહે તે માટે હેલ્પ ડેસ્ક બોર્ડ બનાવવા સૂચન કર્યું હતું. સાથે જ દર્દીઓને જમવાની કે તેઓના માટે નાસ્તાની વ્યવસ્થા ઉભી કરી શકાય છે. તેમણે કહયું હતું કે, સરકાર લોજીસ્ટીક સપોર્ટ કરશે પણ માનવજાતના કલ્યાણ માટે તન, મન અને ધનથી કામ કરવાની અપીલ તેમણે બધી ચેમ્બર ઓફ કોમર્સને કરી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડિયાએ મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સરસાણા ખાતે સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરમાં ૫૪૪ બેડની કોવિડ કેર સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક એકમોને કરેલી અપીલ બાદ ચેમ્બર દ્વારા ૪૦૦ જેટલા ઓકિસજનના બાટલા કલેકટરને સુપરત કરવામાં આવ્યા છે. સાથે જ છેલ્લાં દસ દિવસથી નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલમાં તબીબો, નર્સિંગ સ્ટાફ અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે સવાર – સાંજ નાસ્તા–છાશની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

તેમણે મુખ્યંત્રીને ઔદ્યોગિક એકમોમાં કામ કરી રહેલા તમામ વયના કર્મચારીઓને કોરોનાની રસી આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે અનુરોધ કર્યો હતો. સાથે જ રેમડેસિવિર ઇન્જેકશનના વિતરણ માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે રજૂઆત કરી હતી. ચેમ્બર દ્વારા દરેક પ્રકારની મદદ સરકારને કરવામાં આવશે તેવી ખાત્રી તેમણે મુખ્યમંત્રીને આપી હતી.